**લોકડાઉન દરમ્યાન સામાજીક દૂરી (Social Distancing) નો ભંગ કરવા બાબત.**

વંચાણમાં : અત્રેની કચેરીના તા. ૧૨.૪.૨૦૨૦ના પરિપત્ર ક્રમાંક નકૃયુ/રજી./એડીએમ.૩.૨ /૨૯૩૬/ ૨૦૨૦

**:: પરિપત્ર::**

વંચાણમાં લીધેલ આ કચેરીના પરિપત્રમાં જણાવ્યા મુજબ આ અગાઉ પણ સૂચનાઓ આપવામાં આવેલ છે તેમ છતાં **યુનિવર્સિટીના કેમ્પસમાં અમુક ઈસમો રહેણાંકના ખુલ્લા વિસ્તારમાં ફરવુ, જુદી જુદી રમતો રમવી, ટેરેસ ઉપર ફરવુ, મંદિરના પટાંગણમાં એકત્ર થવુ, કેમ્પસમાં દૂધ વિતરણ વખતે સમૂહમાં એકત્ર થવુ વિગેરે જેવી બાબતોમાં સામાજીક દૂરી (Social Distancing)નો તેમજ કલમ ૧૪૪નો ભંગ કરી રહયા છે તેવી ફરીયાદ અત્રે મળેલ છે** જેની આ કચેરીએ સખત નોધ લીધી છે. આથી તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તેમજ જુદી જુદી હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને ફરીથી તાકિદ કરવામાં આવે છે કે તેઓ તેમના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ ના પરિવારના સભ્યો તથા હોસ્ટેલામાં રહેતા વિદ્યાર્થીઓએ હાલની પરિસ્થિતીમાં લોકડાઉન દરમ્યાન કોઈ પણ સંજોગોમાં **સામાજીક દૂરી (Social Distancing) જાળવવી તેમજ કલમ ૧૪૪નો** ભંગ કરવો નહી તથા આવશ્યક કામ વગર ઘરની બહાર નીકળવુ નહી. **જો સામાજીક દૂરી (Social Distancing) તેમજ કલમ ૧૪૪નો ભંગ બદલ કોઈ પણ કાનુની કાર્યવાહી કરવામાં આવશે તો તેની જવાબદારી જે તે અધિકારી/ કર્મચારીની અંગત રહેશે.**

પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીની સૂચનાનુસાર જારી કરવામાં આવે છે જેનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૩.૨/ 2640-48 / ૨૦૨૦
ન.કૃ.યુ. નવસારી તા.૨૧.૪.૨૦૨૦

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ રવાના:-**

(૧) તમામ પોલીટિકનીક/કોલેજના આચાર્યશ્રી/ડીનશ્રીઓ તરફ જાણ સારુ..
(૨) તમામ હોસ્ટેલના રેકટરશ્રીઓ તરફ જાણ તથા હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને સૂચના આપવા સારુ.
(૩) યુનિવર્સિટીના રહેણાંકમાં રહેતા તમામ અધિકારી/કર્મચારીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારુ.
(૪ ) સીકયુરીટી ઓફિસરશ્રી ન.કૃ.યુ. નવસારી તરફ જાણ તથા યુનિવર્સિટી રહેણાંકમાં રહેતા તમામ પરિવારનો સભ્યોશ્રીઓને સદર બાબતનો ભંગ ન થાય તે મુજબ સૂચનોઓ આપવાની રહેશે. જો તેઓ સૂચનાઓનો અમલ ન કરતો અત્રેની કચેરીને જાણ કરવા અથી જણાવવામાં આવે છે.